### મનપામાં સફાઈ કામગીરીના બે કરોડની ખોટી જોગવાઈ સામે વિરોધ બાદ

# સુધારા સાથે બજેટ સર્વાનુમતે મંજૂર

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં સફાઈ ખર્ચમાં રૂ. બે કરોડ જેટલી રકમ ખોટી સૂચવાયાને લઈ મચેલ બબાલ પછી આ રકમમાંથી ૧ કરોડ રૂ. અવિકસીત વિસ્તારો માટે અને એક કરોડ રૂ. અન્ય વિસ્તારોમાં ફાળવવાના સુધારા સાથે બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યુ હતુ.

મેયર રીટાબેન પટેલના અધ્યક્ષસ્થાને મળેલ આજની સામાન્ય સભામાં કોંગીના કાઉન્સીલર હસમુખ મકવાણાએ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના વિકાસ કામો માટે વધુ રકમ ફાળવવાની માંગ કરી હતી.

બજેટ પરની ચર્ચામાં ભાગ લેતાં વિપક્ષી નેતાએ કોંગ્રેસના આક્રમક વલણ અને લોક મિજાજને પારખી સ્થાયી સમિતિએ કરબોજને ફગાવ્યો તેના માટે અભિનંદન આપી કરેલી વિવિધ જોગવાઈઓને આવકારી હતી. ખાસ કરીને તરતો પુલ બનાવવાની દરખાસ્ત તેમણે આવકારતાં જણાવ્યુ હતુ કે આ થવાથી ગ્રામ્ય વિસ્તારની આંતર માળખાકીય સુવિધાઓમાં વૃદ્ધિ થશે.

જો કે વિપક્ષી નેતાએ આ સાથે ટોણો મારતાં કહ્યુ હતુ કે આપણે જોગવાઈઓ કરીએ છીએ પણ તેના ટેન્ડરો સમયસર નીકળતા નથી અને સમયસર નીકળે તો રદ થાય છે આખરે જોગવાઈ કાગળ પર જ રહી જાય છે.

ભાજપના ધીરૂભાઈ ડોડિયાએ કલમો ટાંકી જણાવ્યુ હતુ કે અનુ. જાતિ અને અનુ. જનજાતિ માટે જે જોગવાઈઓ કરવી જોઈએ તેની ટકાવારી જળવાઈ નથી. તેમણે સફાઈ કામદારોને સમયસર પગાર નહિ મળતો હોવાની વાત રજુ કરી જણાવ્યુ હતુ કે પી.એફ.કપાયા પછી ઓછો પી.એફ. કપાયાની સ્લીપો આ કર્મયોગીઓને મળે છે. તેમણે કહ્યું કે તંત્રને ૮૦ જેટલા પત્રો લખ્યા પછી પણ પ્રત્યુત્તર મળતા નથી બહુ દુઃખદ બાબત છે.

કોંગીના ચીમનભાઈ વિંઝુડાએ જણાવ્યુ હતુ કે રેનબસેરા બનાવવા માટે વારંવાર બજેટમાં જોગવાઈ કરાયા પછી પણ કામ સરૂ કરી શક્યા નથી. વિંઝુડાએ જણાવ્યુ કે બજેટમાં થયેલી જોગવાઈઓ અને તેના અમલીકરણની તપાસ માટે

● અનુસંધાન પાન-૭ પર

# આવક જરૂરી પણ તંત્રએ ડ્રાફ્ટ બજેટ રજુ કરવામાં વિલંબ કર્યો : જીગાબાપુ

### સામાન્ય સભામાં કોંગ્રેસના સભ્યો આક્રમક તેવરમાં

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકાના બજેટમાં કમિશ્નરે સૂચવેલા કરભારણને લઈ પણ આજે સામાન્ય સભામાં વિવાદ થયો હતો. કોંગી નેતા બિહોલાએ કહ્યુ કે અમારા પક્ષે અને લોક મિજાજ કરભારણના વિરોધમાં હતો એટલે સ્થાયી સમિતિએ ફગાવી દીધા.

આ જ વખતે સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ ઉભા થઈને કહ્યુ કે વિકાસ માટે આવક જરૂરી છે પણ કમિશ્નરશ્રીએ તેમનુ ડ્રાફ્ટ બજેટ જે સમય મર્યાદામાં રજુ કરવુ જોઈએ તે ન કરાતાં નિયમોની જોગવાઈઓને આધીન રહી કરભારણ દૂર કરવામાં આવ્યુ છે.

**● સફાઈ માટે બે કરોડની વધારાની જોગવાઈનું કારણ સમજાવો : બિહોલા**

સફાઈ માટે કમિશ્નરના ડ્રાફ્ટ બજેટમાં કરેલી જોગવાઈઓને ત્રણ ભાગમાં વિભાજીત કરાયા પછી બે કરોડની આ માટે કેમ જોગવાઈ કરાઈ છે ? તેવા વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાના પ્રશ્નના ઉત્તરમાં સ્થાયી સમિતિના ચેરમેન ચાવડાએ ખુલાસો કરતાં કહ્યું કે પ્રિન્ટીંગ મિસ્ટેક છે ? કમિશ્નરશ્રીએ કહ્યુ કે રાત્રિ સફાઈની કામગીરી માટે ફાળવ્યા છે જો કે આ પછી પણ બિહોલાને સંતોષ ના થતાં પૂર્વ ચેરમેને ૧ કરોડ સ્લમ વિસ્તારના વિકાસ માટે ૧ કરોડ અન્ય વિસ્તાર માટે ફાળવવાનો વચલો માર્ગ સૂચવ્યો હતો જેનો સ્વીકાર કરાયો હતો.

**● સતત મુદ્રા રાક્ષસે બજેટમાં દેખા દીધી**

કમિશ્નરના ડ્રાફ્ટ બજેટમાં મુદ્રા રાક્ષસે દેખા દીધા બાદ સ્થાયી સમિતિના મંજૂર કરેલા બજેટમાં પણ મુદ્રા રાક્ષસે દેખા દીધી હોવાની વાત બજેટને લઈ તંત્ર કેટલી ઉદાસીનતા સેવે છે તેવી વાતો પ્રેક્ષક દીર્ઘામાં થતી સાંભળવા મળી હતી.

**● વિંઝુડા અને મેયર વચ્ચે ટપાટપી, બારોટ અને મેયર વચ્ચે ટપાટપી થઈ**

આજે સામાન્ય સભા અંકિટ બારોટે યર માર્ક બંગલાને લઈ બજેટની જોગવાઈઓ સાથેનો ઉલ્લેખ કરતાં જ મેયર અને બારોટ વચ્ચે શાબ્દીક ટપાટપી થઈ હતી. મેયરે તેમને બેસી જવાની ફરજ પાડી હતી. જો કે આ જ મુદ્દે પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલે કમિશ્નરના બંગલાનો ઉલ્લેખ કરી જોગવાઈ રદ કરવાની વાત કરતાં સભાગૃહમાં સન્નાટો છવાઈ ગયો હતો.

આ પછી કોંગીના સિનીયર કાઉન્સીલર ચિમન વિંઝુડા બોલવા ઉભા થયા ત્યારે પણ મેયર રીટાબેન પટેલ અને તેમની વચ્ચે શાબ્દીક ટપાટપી થઈ હતી. ચિમન વિંઝુડાએ એક તબક્કે કહ્યુ કે અમદાવાદમાં ત્રણ દિવસ ચર્ચા ચાલે છે અમને બોલવા દો. તેમણે કહ્યુ કે તમે કહો અને ઈચ્છો તેવુ બોલવુ અમને નહિ ફાવે અમે બોલીશુ તમારે સાંભળવુ પડશે.

**● બાકી વેરા વસુલાત માટે વ્યાજ માફીની યોજના લાવો : રાકેશ પટેલ**

કોંગીના રાકેશ પટેલે મિલ્કત વેરાની બાકી વસુલાત માટે અમદાવાદ અને અન્ય મહાનગરોની જેમ વ્યાજ માફીની યોજના જાહેર કરવી જોઈએ એટલુ જ નહિ વધારે પડતી બાકી રકમ માટે જરૂર પડ્યે મિલ્કત ધારકને હપ્તા પણ કરી આપવા જોઈએ તેવી રજુઆત સૌને સ્પર્શી ગઈ હતી.

**● ટેન્ડર પ્રક્રિયાઓ એક માસમાં પૂરી કરવા મેયરનો કમિશ્નરને આદેશ**

સામાન્ય સભામાં ટેન્ડરોને લઈ થઈ રહેલા વિલંબની વાત ઉગ્રતા પકડી રહ્યાનો અણસાર આવી જતાં મેયર રીટાબેન પટેલે આંતરિક માર્ગોની સફાઈ સહિતના જુના કામો અંગેના ટેન્ડર એક મહિનામાં કરવા અને તે અંગેની કાર્યવાહી ઝડપી બનાવવામાં આવે તે માટે વ્યક્તીગત ધ્યાન આપવાના આદેશ કર્યા હતા.

આજની આ સામાન્ય સભામાં ટેન્ડરો સ્માર્ટસીટીના મંજૂર થાય છે તો સ્થાયીમાં કેમ નથી થતા ? તેવા પ્રશ્ને પણ વાતાવરણને ઉત્તેજીત કરી દીધુ હતુ. દેવેન્દ્રસિંહ ચાવડાએ તો કહ્યુ કે તંત્રની ઉદાસીનતા આ મુદ્દે વધુ જવાબદાર છે.

મનુભાઈ પટેલે કહ્યુ કે દસ્તાવેજો ખુટે છે તેવી ક્ષુલ્લક વાતો કરી ટેન્ડરો રદ થાય છે.

**● ટેન્ડરની મુદત પછીનું ચુકવણુ કરાયાનો મુદ્દો પણ ઉછળ્યો**

આજે સામાન્ય સભામાં પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલે એજન્સીની મુદત પૂર્ણ થઈ ગયા પછી પણ મુદતમાં વધારો કરવાની દરખાસ્ત પણ સમય પસાર થઈ ગયા પછી કરી અને એજન્સીને ચુકવણી મંજૂરી વગર બારોબાર કરી દેવામાં આવે છે. દાળમાં કંઈક કાળુ છે.

સ્થાયી સમિતિના ચેરમેન સ્પષ્ટતા કરતાં કહ્યું હતુ કે અમે સ્પષ્ટ સૂચના આપી છે કે મુદત પૂરી થવાના ત્રણ માસ પહેલાં ટેન્ડર કરી અને ક્વોલીફાઈડ ટેન્ડર રજુ કરવામાં આવે પણ તંત્ર તેમ કરી શકતુ નથી એ વાત સાચી છે. તંત્રની ઉદાસીનતા વધારે જવાબદાર છે.

● અનુસંધાન પાન-૭ પર

# વહીવટીતંત્રની ઉદાસીનતા સામે ભાજપ-કોંગ્રેસે સંયુક્ત રીતે ચૂંટલો ખણતાં તંત્ર કફોડી હાલતમાં મુકાયું

**આંતરિક રસ્તાની સફાઈ માટેના વારંવાર ટેન્ડર રદ થતાં પ્રજાને વળતર આપો : જયરાજસિંહ, મનપામાં ઈજનેરોની સંખ્યા વધારો : મકવાણા, તંત્ર દ્વારા સમયસર ટેન્ડરો જારી કરાતા જ નથી : શૈલેન્દ્રસિંહ, તંત્રના વલણને લઈ પૂર્વ ચેરમેન મનુભાઈ અને વર્તમાન ચેરમેન ચાવડા પણ ખફા-ખફા**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં વિપક્ષ અને સત્તાધારી પક્ષના સભ્યોએ ખભેખભા મિલાવતા હોય તે રીતે વહીવટીતંત્રને તેની ઉદાસીનતા અંગે ચૂંટલો ખણતાં તંત્રને ઉહકારો કરવાની પણ તક આપી ન હતી.

મેયર રીટાબેન પટેલની અધ્યક્ષતામાં મળેલ આજની સામાન્ય સભામાં વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, હસમુખ મકવાણાએ તંત્ર દ્વારા સમયસર ટેન્ડરો જારી ન કરાતા હોવાની ઉગ્ર રજુઆત કર્યા બાદ આખો મામલો ગરમાયો હતો.

સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલે કહ્યુ કે છેલ્લા ત્રણ વર્ષથી આંતરિક માર્ગોની સફાઈ માટેના ટેન્ડર બહાર પડે પણ પછી રદ કરી દેવામાં આવે. ત્રણ વર્ષ સુધી શું આપણે જોઈએ છે તે નક્કી ના કરી શક્યા કે મેળાપીપણા માટે તંત્ર રાહ જોઈ બેઠુ છે ?

કોંગીના હસમુખ મકવાણાએ મનપામાં વધારે ઈજનેરોની ભરતી કરવા માટે કહ્યુ અને જણાવ્યુ કે કામોનું મોનીટરીંગ કરવા જાય તો ટેન્ડર તૈયાર ના થાય અને ટેન્ડર તૈયાર થાય તો મંજૂરી ના મળે ? આ વિષચક્રને તોડવુ જોઈએ. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે માર્ગ-મકાન વિભાગને આપણે ગ્રાન્ટ આપીએ પણ કેપીટલ પ્રોજેક્ટ કાઉન્સીલરોની વાત સાંભળે નહિ અને રજુઆતના જવાબ પણ ના આપે. ગાંધીનગર તેની ઓળખ ગુમાવી રહ્યાનો અહેસાસ સૌને થઈ રહ્યો હોવાનું પણ તેમણે કહ્યું હતુ.

કોંગીના અંકિત બારોટે યર માર્ક કરેલા બંગલાનો મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયાસ કર્યો ત્યારે મેયર રીટાબેન પટેલે સ્પષ્ટ સંભળાવી દીધુ હતુ કે તમે તેનો ઉલ્લેખ નહિ કરી શકો તમારી દરખાસ્ત રદ કરવામાં આવી છે. આ બાબતે તમે ઘણુ બધુ બોલી ચુક્યા છો તે યોગ્ય નથી.

● અનુસંધાન પાન-૭ પર


**બેસણું તથા સુંવાળા**

અમારા મોટાભાઈ **શ્રી જીતેન્દ્રભાઈ પોપટલાલ બારોટ** (પેથાપુર નિવાસી) મૂળ ગામ-રખિયાલ, દહેગામ તા. ૨૬/૨/૨૦૨૦, બુધવારના રોજ રાત્રે દેવલોક પામ્યા છે. ભગવાનને ગમ્યું તે ખરું. **સદ્‌ગતનું બેસણું તથા સરવણી તા. ૨/૩/૨૦૨૦ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧.૦૦ કલાકે** રાખેલ છે.

**સરનામું : પેથાપુર-જીઈબી રોડ, નિલકંઠ વિલા ફ્લેટની પાછળ, પેથાપુર, તા. જી. ગાંધીનગર**

પોપટલાલ હાલાજી બ્રહ્મભટ્ટ (પિતા) ૮૩૪૭૬૧૦૦૧૮
વિનોદભાઈ પોપટલાલ બ્રહ્મભટ (ભાઈ) ૯૭૨૩૩૩૯૦૨૩
યુવરાજ પોપટલાલ બ્રહ્મભટ્ટ (ભાઈ) ૯૮૨૫૪૪૭૩૭૩
ધર્મેશ પોપટલાલ બ્રહ્મભટ્ટ (ભાઈ) ૯૭૧૪૧૧૭૭૭૭

**બેસણું**

સત કૈવલ સાહેબ

અમારી વ્હાલી **સ્વ.કવિતા (સોનુ) સુરેશભાઈ પટેલ (રંગપોરિયા)નું બેસણું તા. ૧/૩/૨૦૨૦, રવિવારના રોજ સવારે ૯ કલાકે** રાખવામાં આવ્યું છે.

**સ્થળ : ગોકુળનગર, અંબાજીપરા, વસઈ**

લિ.
પટેલ જયંતિભાઈ અંબાલાલ (દાદા)
પટેલ ગોરધનભાઈ જયંતિલાલ (મોટા પપ્પા)
પટેલ સુરેશભાઈ જયંતિલાલ (પિતા)
પટેલ વિષ્ણુભાઈ જયંતિલાલ (કાકા)
પટેલ જય સુરેશભાઈ (ભાઈ)

**મો. નં. ૮૨૦૦૪૯૭૨૯૫ ● ફર્મ : સત કૈવલ પાર્લર, વાવોલ**


# સેકટરોમાં કટાયેલી હાલતમાં જોવા મળતા સ્ટ્રીટ લાઈટના ૧૮ હજાર થાંભલાને કલર કરાશે

### નગરના ગ માર્ગ પર નવા થાંભલા નાંખવાનુ કામ શરૂ : જોખમી થાંભલા દુર કરી નવા નંખાશે : તબક્કાવાર તમામ સેકટરોમાં કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૯

શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા હાલ કટાયેલી અને કંગાળ હાલતમાં છે. જયારે સેકટરોમાં કેટલાક પોલ્સ નમી પડેલા અને જોખમી પણ જોવા મળી રહ્યા છે.તંત્ર દ્વારા નગરના ગ માર્ગ પર નવા પોલ્સ નાંખવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે સે-૧૧ થી ૨૦ માં ૫ હજાર થાંભલાને કલર કરવાની કામગીરી પણ ટુંકમાં શરૂ કરી દેવાશે. ત્યારબાદ તબક્કાવાર તમામ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલર કરાશે. આગામી વાઈબ્રન્ટ પુર્વે શહેરના ૧૮ હજાર થાંભલાને કલર કરાશે જયારે જોખમી હોય તેવા પોલ્સ નવા નાંખવા માટે પણ કામગીરી હાથ ધરાશે.

શહેરમાં દાયકાઓ જુના સ્ટ્રીટ લાઈટના થાંભલા ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી સ્થિતિ છે. જેને ધ્યાને લઈને તંત્ર દ્વારા આવા થાંભલાને દુર કરીને નવા પોલ ફીટ કરવામાં આવશે. હાલ પણ આ કામગીરી ચાલી રહી છે. નગરના ગ માર્ગ પર નવા થાંભલા નાંખવામાં આવી રહ્યા છે. શહેરમાં કુલ ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલા છે. જયારે એલ ઈ ડી લાઈટનો પ્રોજેક્ટ અમલી થયા બાદ વિજબીલમાં પણ બચત થતી હોવાનો એકરાર તંત્રએ કર્યો છે. પરંતુ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ સ્ટ્રીટ લાઈટના થાંભળા કંગાળ હાલતમાં છે. જેના લીધે બંધ લાઈટના થાંભલા સ્થાનિકો માટે પરેશાનીનુ કારણ બને છે. પરંતુ ઢાંકણ ખુલ્લા હોય તેવા ઉપરાંત ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવા થાંભલા પણ સ્થાનિક રહીશો માટે જોખમી પુરવાર થઈ રહ્યા છે. શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા કટાયેલી હાલતમાં છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા થાંભલાઓને કલર કરવામાં આવી રહ્યો છે. નગરના સે-૧૧ થી ૨૦ માં પ્રથમ તબક્કામાં થાંભલાને કલર કરવાનુ આયોજન કરાયુ છે. આ કામગીરી ટુંકમાં શરૂ કરી દેવાશે. જયારે તબક્કાવાર અન્ય સેકટરોમાં પણ સ્ટ્રીટ લાઈટના થાંભલાનુ કલરકામ હાથ ધરાશે. સ્ટ્રીટ લાઈટના થાંભલા જાહેરાતનુ માધ્યમ બની રહ્યા છે. ત્યારે વનતંત્રની જેમ લાઈટીંગ પોલ્સને જાહેરાતનુ માધ્યમ બનતુ

● અનુસંધાન પાન-૭ પર


**ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન**
રામકૃષ્ણ પરમહંસ એજ્યુકેશન કોમ્પલેક્ષ,
મહાત્મા મંદિર પાસે, ખ-૫, સેક્ટર-૧૫, ગાંધીનગર.
ફોન : ૦૭૯-૨૩૨૪૩૭૩૩

**ભાવપત્રક મેળવવા અંગે**

આઈ.આઈ.ટી.ઈ. ગાંધીનગરના મુખ્ય સંકુલ ખાતે ઓડીટોરિયમ હોલમાં સાઉન્ડ સિસ્ટમ અંગે રિપેરિંગ / વાયરિંગની કામગીરી માટેના ભાવો આમંત્રિત કરવામાં આવે છે. ભાવપત્રક અંગેની વિગતો તેમજ ભાવો મોકલવા અંગેની વિગતો આઈ.આઈ.ટી.ઈ.ની વેબસાઈટ www.iite.ac.in પરથી જોવાની રહેશે. ભાવપત્રક અંગેની વિગત વેબસાઈટ પરથી ડાઉનલોડ કરીને ભરવાના રહેશે. તા. ૧/૩/૨૦૨૦ થી તા. ૧૦/૩/૨૦૨૦ સુધીમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ભરીને પહોંચાડવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર — કા. કુલસચિવ
તારીખ : ૧/૩/૨૦૨૦ — આઈ.આઈ.ટી.ઈ.


# હજુ ફરીવાર રાજ્યમાં શીત લહેર પ્રસરશે : અંબાલાલ પટેલ

### ૪ થી ૭ માર્ચ દરમિયાન ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા-કરા પડવાની સંભાવના

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલના મતે માર્ચની શરૂઆતમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા તેમજ કેટલાક ભાગોમાં કરા પડવાની સંભાવના રહે. જેના પગલે ગુજરાત સૌરાષ્ટ્રના ભાગોમાં પણ તા. ૪ થી ૭ માર્ચ દરમ્યાન વાદળો આવે. આ અરસામાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષા થાય. આથી ગુજરાતના ભાગોમાં પણ શિયાળાનો અહેસાસ થાય તથા તાપમાનમાં ઘટાડો થાય તેવી શક્યતા છે. આ ઉપરાંત ગુજરાત સહિત દેશના ઘણા ભાગોમાં હવામાન કથળી જાય. માર્ચ તા. ૧૩, ૧૪ માં પણ હવામાન પલટાય, કમોસી વરસાદની શક્યતા રહે, ગરમી વધે જો કે માવઠા અંગે જોતાં ચૈત્ર માસમાં હવામાનમાં ઘણા પલટા આવે અને માવઠાની શક્યતા વધે. પરંતુ આ વખતે માર્ચ તા. ૨૪ થી હવામાનમાં ઘણા પલટા આવે, મેના અંતમાં અને જૂનની શરૂઆતમાં દરીયાકિનારે ભારે પવન ફૂંકાય અને દરીયો ભારે તોફાની બને તેવુ જણાઈ રહ્યું છે.


**કોર્પોરેટ ઓફિસ લાયક જગ્યા ભાડે આપવાની છે**
**સેક્ટર ૨૧માં**
૩૦૦૦ ચોરસ ફુટ, પ્રાઈમ લોકેશન
**સંપર્ક : 99981 12200**

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

**નંદુબેન મોતીગીરી ગોસ્વામી**
સ્વ. તા. ૧/૦૩/૨૦૧૯

આંખોમાં આસુ ને દિલમાં તમારી યાદ છે,
આજે તમે નથી એજ અમારી ફરિયાદ છે.
આપની યાદ સદાય સાથે રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

**મોતિગીરી આર. ગોસ્વામી**
ડો. મહેશ એમ. ગોસ્વામી (પુત્ર) — પૂર્ણિમાબેન એમ. ગોસ્વામી (પુત્રી)
ભારતીબેન એસ. ગોસ્વામી (પુત્રી) — ડો. હંસાબેન એમ. ગણાત્રા (પુત્રી)
શાશ્વત એમ. ગોસ્વામી (પૌત્ર)

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT — KisaN — ashirvad — Jaquar experience bathing — DR.FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com